વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી,
ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં-૬, બીજો-ત્રીજો માળ, જુના સચિવાલય,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦
ટેલિફોન નં. 079-23251365 ઇ-મેઇલ નં. Cottax2016@gmail.com

નં.ટેક્ષ/અખિ.ગુ.ટ્ર.ટ્રા.એ./રજુઆત /ઓન- 1074
તારીખ :

2 0 FEB 2017

પ્રતિ,
શ્રી મુકેશભાઇ સી.દવે
માનદમંત્રીશ્રી, અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિએશન,
૭૫,સહજાનંદ શોપીંગ સેન્ટર,સ્વામી નારયણ મંદિરની સામે,
શાહીબાગ રોડ,અમદાવાદ

વિષય : સને ૨૦૧૭-૧૮ના બજેટ પુર્વેની રજુઆતો

અનુ. : (૧) આપનો પત્ર નં.એજીટીટીએ/૨૦૧૬-૧૭/૧૭ તા. ૦૬/૦૨/૨૦૧૭
(૨) માન.મત્રીશ્રીના કાર્યાલયનો પત્ર તા. તા.૧૦/૦૨/૨૦૧૭ અન્વયે.
(૩) વિભાગનો પત્ર નં.એમવીડી/૧૦૨૦૧૭/૩૬૪/ખ તારીખ વગરનો પત્ર

શ્રીમાન,

(૩) વિભાગનો પત્ર નં.એમવીડી/૧૦૨૦૧૭/૩૬૪/ખ તારીખ વગરનો પત્ર

જય ભારત સહ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે,આપના અનુસંધાન પત્ર નં.-૧ તા. ૦૬/૦૨/૨૦૧૭માં કરેલ રજુઆત અંગે નીચે મુજબની માહિતી છે.

| મુદ્દા નં. | વિગત | જવાબ |
|---|---|---|
| ૧ | આજે ગુજરાતમાં ડિઝલનો ભાવ રૂ/. ૬૫.૬૪ પ્રતિ લીટર છે.જ્યારે મહારાષ્ટ્રમાં રૂ/.૬૩.૩૨ અને રાજસ્થાનમાં રૂ/.૬૩.૨૮ છે. જો ગુજરાતમાં ડિઝલનો ભાવ જે વેટના દરના હિસાબે ઉંચો છે. જો રાજસ્થાન અને મહારાષ્ટ્રની સરખામણીમાં સમાન દર બને તો ગુજરાત રાજ્યમાં ડિઝલનું વેચાણ ખુબ વધે.જેથી વેટના રાજસ્વમાં કોઇ ઘટાડો ન થાય. | સદર બાબતે વાણિજ્યિક વેરા કમિશ્નરશ્રી, વેચાણ વેરા ભવન આશ્રમ રોડ, અમદાવાદનો સંપર્ક સાધવા વિનંતી. |
| ૨ (અ) | ૭૫૦૦ કિ.ગ્રા.વધુના ગુડ્ઝ વાહનો માટે લમસમ વેરો ફરજીયાત નહ પણ ઓછામાં ઓછા બે વર્ષ માટે મરજીયાત ધોરણે દાખલ કરવો જોઇએ. | સરકારશ્રીએ ૦૧/૦૪/૨૦૦૭ થી ૭૫૦૦ કિ.ગ્રા.થી ૧૨૦૦૦ કિ.ગ્રા.સુધીના જી.વી.ડબલ્યુ. ધરાવતા વાહનો માટે વેચાણ કિંમતના ૮% અને ૧૨૦૦૦ થી વધારે જી.વી.ડબલ્યુ. ધરાવતા વાહનો માટે વેચાણ કિંમતના ૧૨% લમસમ વેરો મરજીઆત પણે ભરવા માટે જોગવાઇ કરવામાં આવેલ હતી. |

| | | |
|---|---|---|
| (બ) | ૭૫૦૦ કિ.ગ્રા. થી વધુના ગુડ્ઝ વાહનો નો જી.વી.ડબલ્યુ. એક સરખું હોય તો પણ દા.ત. ટાટા તથા વોલ્વો કંપનીના વાહનની કિંમતમાં ઘણો તફાવત છે. પરંતુ એક સરખા જી.વી.ડબલ્યુ. વાળા વાહનોમાં વાહનના ટેક્ષની રકમમાં મોટો તફાવત ઉભો ન થાય તેવું વ્યવહારિક કરમાળખું બનાવવું. | યોગ્ય સમયે સૂચન વિચારણામાં લેવાશે. |
| ૩ | આર.ટી.ઓ.દ્વારા લેવાતા રોડટેક્ષ,જુદા જુદા પ્રકારની ફી,દંડકીય રકમ તેમજ ચેકપોસ્ટ ઉપર લેવાતી ફી તથા દંડકીય રકમ ઓનલાઇન ભરી શકાય તેવી વ્યવસ્થા તાત્કાલિક ધોરણે કરવી જોઇએ. ખાસ કરીને તા.૦૧/૦૪/૨૦૧૭થી ગુજરાતમાં રજીસ્ટર્ડ થયેલ વાહનનો વાર્ષિક કે અર્ધ વાર્ષિક એડવાન્સ રોડટેક્ષ ભરવાનો થશે. તે કેશલેશ સીસ્ટમને ધ્યાનમાં રાખી ઓનલાઇન ભરવાની જોગવાઇ તુરત કરવાની જરૂરી છે. | ચેકપોસ્ટ પર દંડની રકમ ઓનલાઇન ભરવા માટેની વ્યવસ્થા ટેસ્ટીંગ હેઠળ અને ટૂંક જ સમયમાં મોટરીંગ પબ્લિકને આ સવલત પ્રાપ્ય થશે.<br>આર.ટી.ઓ /એ.આર.ટી.ઓ.કચેરી ખાતે ઓનલાઇન પેમેન્ટના વિવિધ વિકલ્પો મંજુરી કક્ષાએ છે. |
| ૪ | જો કોઇ ગુડ્ઝ વાહનોના વાર્ષિક રોડટેક્ષમાંની રકમ ભરવાની બાકી હોય તો આજસુધીની બાકી રકમ ઉપર વ્યાજ તથા દંડની રકમ માફ કરવાની સ્કીમ આપવા રજુઆત છે. જેથી બાકી લેણાંની વસુલાત થઈ શકે, તેમજ બાકી રહેવા ડીએ કેસની ટોકન રકમ લઈ માંડવાળ કરવા વિનંતી,જેથી પેન્ડિંગ કેસોનો નિકાલ થઈ શકે. | સદર બાબતે તા.૩૧/૦૩/૨૦૧૬ સુધીના બાકીના વેરા ઉપર ચડત વ્યાજ માફ કરવા માટે તા.૨૪/૦૧//૨૦૧૭ ના રોજ સરકારશ્રીમાં પુન: દરખાસ્ત કરવામાં આવેલ છે.<br>બાકી રહેલા ડી.એ.કેસની ટોકન રકમ લઈ માંડવાળ કરવાની બાબત :- કાયદાકીય રીતે શક્ય નથી.ગુજરાત મોટર વ્હીકલ એક્ટ ની કલમ ૧૭૭ થી ૧૯૯ માં ગુન્હાઓ માટે અલગ અલગ દંડની જોગવાઇઓ કરેલ છે.જેમાં સુધારો વધારો કરવાની સત્તા વિધાનસભાને છે. |

ખાસ ફરજ પરના અધિકારી

નકલ સવિનય રવાના: અંગત મદદનીશશ્રી, માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, વાહન વ્યવહાર ખાતું (સ્વતંત્ર હવાલો) સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય,ગાંધીનગર

નકલ સવિનય રવાના: નાયબ સચિવશ્રી,બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, બ્લોક નં.૨/૯ માળે,ગાંધીનગર

Akhil Gujarat Truck Transport Association

Ri: 15-2-2017